GJVL010006812026

Presented on : 03-06-2026
Registered on : 03-06-2026
Decided on : 29-07-2026
Duration : 01M, 26D

**મે.વલસાડના સત્ર ન્યાયાધીશશ્રીની અદાલતમાં, વલસાડ**

**ફોજદારી પરચુરણ (મુદ્દામાલ) અરજી નં.૩૩૩/૨૦૨૬**
**આંક–**

**<u>અરજદાર</u>** :– કૃણાલ અલ્કેશકુમાર શાહ
હાલ રહે.અતુલ ફર્સ્ટ ગેઈટ, અતુલ, તા.જી.વલસાડ.

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા</u>** :– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

---

**<u>અરજી</u>** :–બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ મુજબ.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી તરન્નુમ ટી.તેજી.
સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.પ્રજાપતિ.

---

**<u>–: હુ ક મ :–</u>**

(૧) આ કામના અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ હેઠળ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન બી પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૦૦૦૧૧૨૪૦૮૫૩/૨૦૨૪, એન.ડી.પી.એસ.એકટની કલમ–૮(સી), ૨૧(સી) તથા ૨૯ ના કામે તપાસ કરનાર અમલદારે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વન પ્લસ મોબાઈલ વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા માટે દાખલ કરેલ છે.

(૨) અરજદારના વિ.વ.શ્રી તરન્નુમ એમ.તેજી નાઓએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, ઉપરોકત ગુના રજીસ્ટર નંબરના કામે કે જેનો સ્પે. (એન.ડી.પી.એસ.) કેસ નં.૦૫/૨૦૨૪ પડેલ છે, તેના કામે તપાસ કરનાર અમલદારે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વન પ્લસ મોબાઈલ કબજે કરેલ

છે, જે અરજદારની માલિકીનો છે. અરજદારે આ મોબાઇલ અમેઝોન એપથી ઓનલાઇન વેચાણથી ખરીદેલ હતો, જેના બીલની નકલ આ સાથે રજુ કરેલ છે. જે મોબાઇલ તેઓએ આ કેસના આરોપી નં.૧ કે જેઓ અરજદારના પડોશી અને મિત્ર થાય છે, તેઓને થોડા સમય માટે વપરાશ કરવા માટે આપેલ હતો, જે સમય દરમ્યાન હાલનો બનાવ બનવા પામેલ છે. જેથી આ મોબાઇલ આરોપી નં.૧ પાસેથી કબજે કરવામાં આવેલ છે, જે અંગે આરોપી નં.૧ નાઓએ આ મોબાઇલ અરજદારને પરત કરવામાં આવે તો વાંધો નથી, તેવું પુરસીસ રજુ કરેલ છે. વધુમાં આ મોબાઇલ અરજદારના રોજબરોજના જીવનમાં ખૂબ જ ઉપયોગી છે, જેમાં સગાં સંબંધીઓ તેમજ મિત્રોના ફોન નંબરો છે, અન્ય જરૂરી વિગતો તથા ફોટાઓ વિગેરે છે. અરજદારનો મોબાઇલ હાલ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવેલ છે, હાલ ચોમાસાની સીઝન ચાલે છે, જેથી અરજદારનો મોબાઇલ બિનવપરાશી હાલતમાં પડી રહે તો તેને નુકસાન થાય તેમ છે, જેથી અરજદારને મોટું આર્થિક નુકસાન જાય તેમ છે. જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબેલાલ દેસાઇ વિ.સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) ૧૯૭૩ ના કેસમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઇ અરજદારને સદર મોબાઇલ વચગાળાની કસ્ટડી તરીકે પરત કરવાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામના સામાવાળાને નોટીસ કરતા નોટીસ બજી જતા વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.પ્રજાપતિ હાજર થયેલ છે અને તેમણે તપાસ કરનાર અધિકારીનો મુદ્દામાલ સોંપવા અંગેનો અભિપ્રાય, પંચનામુ તથા મુદ્દામાલ પાવતી રજુ કરી મોબાઇલ અરજદારને સોંપવામાં આવે તો વાંધો છે, તેમ જણાવેલ છે.

(૪) સાંભળ્યાં. અરજદારની અરજી, અરજી સાથે રજુ થયેલ કાગળો તથા બંને પક્ષ તરફે થયેલી રજુઆતો ધ્યાને લેતાં સ્પે.(એન.ડી.પી.એસ.) કેસ નં.૦૫/૨૦૨૪ ના કામે તપાસ કરનાર અમલદારે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વન પ્લસ મોબાઇલ કબજે કરેલ છે, જે અરજદારે બીલની રજુ કરેલ નકલ જોતા અરજદારની માલિકીની હોવાનું જણાય છે. હાલના કામે તપાસ

પુરી થઇ ગઇ છે અને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે, જેથી તપાસમાં હવે આ મુદ્દામાલ મોબાઇલની કોઇ જરૂર હોય તેવું જણાતું નથી. વળી અરજદાર આ મોબાઇલના માલિક હોય વચગાળાની કસ્ટડી તરીકે તેઓને સોંપવું યોગ્ય અને ન્યાયી જણાય છે. વધુમાં જેની પાસેથી આ મોબાઇલ કબજે કરેલ છે તે આ કેસના આરોપી નં.૧ નાઓએ આ મોબાઇલ જો અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે સોંપવામાં આવે તો તેઓને વાંધો નથી, તેવું પુરસીસથી જાહેર કરેલ છે. જેથી કેસના સંજોગો, હકીકતો તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબેલાલ દેસાઇ વિ.સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) ૧૯૭૩ ના કેસમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઇ અરજદારને સદર રીક્ષા વચગાળાની કસ્ટડી તરીકે પરત કરવાનો હુકમ કરવો યોગ્ય જણાઇ આવતું હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

૧. અરજદારની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

૨. સ્પે.(એન.ડી.પી.એસ.) કેસ નં.૦૫/૨૦૨૪, વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન બી પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૦૦૦૧૧૨૪૦૮૫૩/૨૦૨૪, એન.ડી.પી.એસ.એકટની કલમ-૮(સી), ૨૧(સી) તથા ૨૯ ના કામે તપાસ કરનાર અમલદારે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વન પ્લસ મોબાઇલ જો અરજદાર મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમના દોઢી રકમના બોન્ડ ભરી આપ્યેથી તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીશ્રીએ આ મોબાઇલ (સીમકાર્ડ સહિત) તેઓને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો નીચેની શરતોએ હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો</u> :-**

(૧) અરજદારે ટ્રાયલ કોર્ટ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં આ મુદ્દામાલનો મોબાઇલ રજુ કરવાનો રહેશે.

(૨) અરજદારે આ મુદ્દામાલનો મોબાઇલ આ કેસ પુરો ન થાય ત્યાં સુધી કોઇને ગીરો, બક્ષિસ, વેચાણથી આપવો નહીં અને માલિકીમાં કોઇ ફેરફાર કરવો નહીં તેમજ તેના રંગ, રૂપ વગેરેમાં કોઇ ફેરફાર કરવો નહીં.

૩. અરજદારે બોન્ડ તથા જાતમુચરકા વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીશ્રી સમક્ષ આપવાના રહેશે.

૪. હુકમ મુજબની જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ **તા.૨૯મી માહે જુલાઈ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી અને સહી કરીને જાહેર કર્યો.

તા.૨૯/૦૭/૨૦૨૬.

સ્થળ : વલસાડ.

**(નિપા ચંદ્રકાંત રાવલ)**
**સેશન્સ જજ**
**વલસાડ**
**કોડ નં.જીજે૦૦૩૭૦**